# સંસ્કૃત વડે વ્યકિત વિકાસ

ડૉ. ગીતાબેન બી. ઠાકોર
શ્રી જે.પી.આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, ભરૂચ.
સંસ્કૃત વિભાગ.

## ૧. પ્રસ્તાવના

"સાર વગરના સંસારમાં સંસ્કૃતનું ભાષણ (જ્ઞાન) જ સારરૂપ છે. સંસ્કૃત વિનાનું ભારતીયનું જીવન વ્યર્થ છે." સંસ્કૃત ભાષાને "દેવવાણી", "દેવભાષા", "ગીર્વાણવાણી" કહેતા હતા. પરંતુ પાછળથી સંસ્કૃત નામ પડયું. સંસ્કૃત શબ્દ **સમ્ + કૃ** ધાતુ થી બનેલો છે. તેનો મૌલિક અર્થ "સંસ્કાર પામેલી ભાષા" એવો થાય છે.

આપણા દેશનું સંપૂર્ણ પ્રાચીન સાહિત્ય સંસ્કૃત ભાષામાં જ રચાયું છે. સંપૂર્ણ વેદસાહિત્ય, વેદ રામાયણ, મહાભારત, પુરાણો, સ્મૃતિગ્રંથો, દર્શનો, ધર્મગ્રંથો, મહાકાવ્યો, નાટકો, ગદ્યકાવ્યો, ગીતિકાવ્યો, આખ્યાન સાહિત્ય, નીતિશાસ્ત્રના ગ્રંથો સંસ્કૃતભાષામાં જ ઉપલબ્ધ છે. એટલું જ નહિ વ્યાકરણ, કાવ્યશાસ્ત્ર, ગણિત, જયોતિષ, આચારશાસ્ત્ર, ઇતિહાસ, છંદશાસ્ત્ર, વગેરે ગ્રંથો સંસ્કૃત ભાષાના ગૌરવમાં અભિવૃધ્ધિ કરે છે.

જ્ઞાન અને વિજ્ઞાનનું એવું કોઇ સાહિત્ય નથી કે જે સંસ્કૃતભાષામાં ઉપલબ્ધ થતું ન હોય. સંસ્કૃતભાષા વડે વ્યકિતનો અનેક રીતે વિકાસ જોવા મળે છે. જેમ કે - "લોકોના જીવનને ઉન્નત કરનારી", "સત્યનું માર્ગદર્શન કરાવનારી", "આચાર વિચારનું ભાન કરાવનારી", "આ લોક અને પરલોકને સફળ કરનારી" ભાષા છે. ભારતીય સંસ્કૃતિનું વિશૃધ્ધ સ્વરૂપ પણ સંસ્કૃતના આધારે જ જાણી શકાય છે. જે વ્યકિતના વિકાસમાં મહત્વનો ફાળો જોવા મળે છે.

## ૨. સંસ્કૃતભાષાની ગરિમા

સંસ્કૃત ભાષા એ બધી ભાષાઓની માતા છે. બધી જ ભાષા સંસ્કૃતભાષામાંથી ઉદ્ભવી છે, પશ્ચિમી શાખામાં ગ્રીક, લેટિન, ફ્રેન્ચ, જર્મન, અંગ્રેજી વગેરે છે. જયારે પૂર્વી શાખામાં ઇરાની અને ભારતીય ભાષાઓ છે. પારસીઓના મૂળ ધર્મગ્રંથો સંસ્કૃતમાં જ લખાયા છે. ભારતીય શાખામાં સંસ્કૃત મુખ્ય છે. ભારતીય શાખામાં સંસ્કૃત મુખ્ય છે. દ્રાવિડી ભાષાઓ સિવાય આજના ભારતની સમસ્ત પ્રાંતીય ભાષાઓ સંસ્કૃતમાંથી જ ઉદ્ભવેલી છે.

સંસ્કૃતને રાજયભાષા તરીકે પણ સ્થાન મળ્યું. બૌધ્ધો અને જૈનોએ પણ સાહિત્યિક કાર્યો માટે તથા કેટલાક ધાર્મિક ગ્રંથો માટે સંસ્કૃતનો ઉપયોગ કરવા માંડયો. આયુર્વેદાચાર્યે "ચરકે" આયુર્વેદ વિજ્ઞાનમાં પણ સંસ્કૃતનો છંદોમય ઉપયોગ કર્યો.

## ૩. સંસ્કૃતભાષાનું માધુર્ય

સંસ્કૃતભાષાનું માધુર્ય અદ્વિતીય છે. કાલિદાસ, માઘ, શ્રીહર્ષ, જયદેવ વગેરે કવિઓના કાવ્યોમાં પદે પદે માધુર્ય સંગીત અને લાલિત્યની અનુભૂતિ થાય છે. વિલિયમ જેમ્સ, ગેટે વગેરે પશ્ચિમના વિદ્વાનોએ સંસ્કૃતના માધુર્યગુણથી મુગ્ધ બનીને

તેની મુક્તકંઠે પ્રંશસા કરી છે. સંસ્કૃતના માધુર્યગુણથી મુગ્ધ બનીને આકર્ષાઇને પશ્ચિમના સેકડો વિદ્વાનો ગીતા, રામાયણ, વગેરેના પાઠ કરવામાં તેમજ તેનું શ્રવણ અને અનુવાદ કરવામાં પ્રવૃત્ત થયા.

## ૪. વૈશ્વિક સ્તરે સંસ્કૃત ભાષા

આધુનિક યુગ એ કોમ્પ્યુટરનો યુગ છે કોમ્પ્યુટરના યુગમાં સંસ્કૃત એક ભાષા અને સંસ્કારની દ્દષ્ટિથી વિશેષ ઉપયોગી છે. બ્રિટનમાંથી પ્રકાશિત થતાં સામયિક ફોર્બ્સે જણાવ્યું છે કે – "સંસ્કૃત ભાષા કોમ્પ્યુટર પ્રોગામીંગ માટે સૌથી વધુ અનુકૂળ ભાષા છે." સંસ્કૃતભાષા સમગ્ર ભારતમાં બધે જ બોલાય છે ભારતની પ્રાદેશિક ભાષાઓનું તે મૂળ છે. ભારતને એક સૂત્રે સંસ્કૃતભાષાએ બાંધ્યું છે. તે ભારતની તેના ધ્વનિ આદિની વિશેષતાને કારણે કમ્પ્યુટરની સૌથી યોગ્યભાષા ગણાવી છે. માનવજીવનને સંસ્કારવાની અમૂલ્ય સામગ્રી સંસ્કૃતભાષામાં છે. ભાષાવિજ્ઞાનની દ્દષ્ટિએ જોતા સંસ્કૃત યુરોપની બધી જ ભાષાઓની માતૃભાષા છે.

## ૫. સાંસ્કૃતિક મહત્ત્વ

સંસ્કૃત ભાષા ભારતનો સાંસ્કૃતિક નિધિ છે. સંપુર્ણ ભારતીય સાંસ્કૃતિક સાહિત્ય સંસ્કૃતને આધારે રહેલું છે. વિશ્વસંસ્કૃતિના જ્ઞાન માટે પણ સંસ્કૃતભાષાનું જ્ઞાન જરૂરી છે. ભિન્ન ભિન્ન સંસ્કૃતિઓના તુલનાત્મક અધ્યયન માટે પણ સંસ્કૃત ભાષા જ સહાયક બને છે.

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ જીવનના એ ચાર પુરુષાર્થો વિશે જેટલું ગંભીર ચિંતન સંસ્કૃતમાં થયું છે તેટલું ચિંતન વિશ્વની બીજી કોઇ ભાષામાં થયું નથી. ભારતીય સંસ્કૃતિના પ્રાચીન સ્વરૂપને જાણવા માટે સંસ્કૃત સિવાય બીજો કોઇ માર્ગ નથી. જૈન, બૌધ્ધ, ચાર્વાક વગેરે વિચાર પરંપરાઓ પણ સંસ્કૃતના આધારે જ વિકસેલી છે. ભારતીય સંસ્કૃતિનું વિશૃધ્ધ સ્વરૂપ પણ સંસ્કૃતના આધારે જ જાણી શકાય છે. આમ સંસ્કૃતનું સાંસ્કૃતિક મહત્વ જોવા મળે છે.

## ૬. વ્યકિત વિકાસમાં મહત્વના પરિબળ તરીકે સંસ્કૃતભાષા

"સંસ્કૃતને ક્ષતિ (ભૂલ) વિના વાંચવુ જોઇએ. જો કોઇ સંસ્કૃતને ક્ષતિ સાથે વાંચે તો તે પણ સંસ્કૃતિ રહિત પશુ છે." આપણા દેશનું સંપુર્ણ પ્રાચીન સાહિત્ય સંસ્કૃત ભાષામાં જ રચાયું છે. સંપૂર્ણ વેદ સાહિત્ય, રામાયણ, મહાભારત, પુરાણો, સ્મૃતિગ્રંથો, દર્શનો, ધર્મગ્રંથો, મહાકાવ્યો, નાટકો, ગદ્યકાવ્યો, આખ્યાન, સાહિત્ય, નીતિશાસ્ત્રના ગ્રંથો સંસ્કૃતભાષામાં જ ઉપલબ્ધ થાય છે. એટલું જ નહિ વ્યાકરણ, કાવ્શાસ્ત્ર, ગણિત, જયોતિષ, આચારશાસ્ત્ર, ઇતિહાસ, છંદશાસ્ત્ર, વગેરે ગ્રંથો સંસ્કૃત ભાષામાં છે. જ્ઞાન વિજ્ઞાનનું એવું કોઇ સાહિત્ય નથી કે જે સંસ્કૃત ભાષામાં ઉપલબ્ધ થતું ન હોય. જે વ્યકિતના વિકાસમાં મહત્વનો ફાળો જોવા મળે છે.

સંસ્કાર વગરનો માનવ પશુથી પણ વધારે ખરાબ છે એરિસ્ટોટલ આ વાતમાં સાક્ષી પુરાવતાં કહે છે કે માણસમાં ધર્મ અર્થાત્ સંસ્કાર ન હોય તો તે પશુથી પણ નીચો છે. સંસ્કૃત ભાષા વડે વ્યકિતનો અનેક રીતે વિકાસ જોવા મળે છે. જેમ કે –

૧. સંસ્કૃતભાષામાં ધર્મ શીખવાડે છે.
૨. સંસ્કૃતભાષા સંસ્કાર આપે છે.

૩. લોકોના જીવનને ઉન્નત કરનારી છે.
૪. સંસ્કૃતભાષા આચાર વિચારનું ભાન કરાવનારી.
૫. સંસ્કૃતભાષા આ લોક અને પરલોકને સફળ કરનારી છે.
૬. ધર્મ, અર્થ, કામ અને મોક્ષની વિચારણા સંસ્કૃત ભાષામાં આપી છે જે વ્યકિત વિકાસમાં અતિશય મહત્વ ધરાવે છે.
૭. સંસ્કૃત ભાષાથી જ્ઞાન, વિજ્ઞાન, કલા, સંસ્કૃતિ, ધર્મ, દર્શન, અર્થશાસ્ત્ર, વ્યાકરણ, કાવ્યશાસ્ત્ર, આયુર્વેદનું જ્ઞાન મળે છે.
૮. ભારતીય સંસ્કૃતિનું વિશૃધ્ધ સ્વરૂપ પણ સંસ્કૃતના આધારે જ જાણી શકાય છે.
૯. સંસ્કૃતિનું સંરક્ષણ, સંવર્ધન અને સમન્વય પણ વ્યકિતના વિકાસમાં મહત્વનો ફાળો આપે છે.

**૭. ધર્મ**

સંસ્કારથી માણસ સુખી થાય છે. સંસ્કારનો પાયો ધર્મ છે. "મનુસ્મૃતિમાં" (૬-૯૨) માં ધર્મનાં દસ લક્ષણો જણાવ્યા છે. ધર્મ, ધૃતિ, ક્ષમા, દંભ, અસ્તેય, શૌચ, ઇન્દ્રિયનિગ્રહ, બુધ્ધિ, બ્રહ્મવિદ્યા, સત્ય અને અક્રોધ એ દસ ધર્મન લક્ષણો જ સંસ્કૃતિનું મૂળ છે.

શાસ્ત્ર એટલે કે સંસ્કૃત માનવને ઘડે છે. સ્ત્રીઓમાં મા, બહેન, પત્ની, દીકરી, વગેરેનો વિવેક શાસ્ત્રોએ શીખવ્યો છે. શું ખાવું, શું ન ખાવું, શું પીવું, શું ન પીવું વગેરે સાકાર વિવેક શાસ્ત્રે શીખવ્યો છે. શ્રીમદ્‌ભગવદ્‌ગીતા (૧૬-૨૪) માં કહયું છે કે, કરવા યોગ્ય અને ન કરવા યોગ્યનો નિર્ણય કરવા માટે શાસ્ત્ર જ પ્રમાણ છે. એટલે કે શાસ્ત્ર જ વિવેક શીખવે છે. મહાભારત માં પણ કહયું છે કે " જયાં ભગવાન છે ત્યાં જ ધર્મ છે."

**૮. વેદો અને વૈદિક સાહિત્ય**

"વેદો" જ્ઞાનના મહાસાગર છે. "ઋષિમુનિઓના હૃદયમાં પરમાત્માએ પ્રરેલુ સાહિત્ય તે વેદ" આથી વેદને અપૌરુષેય ગણાય છે. વેદ એ સમગ્ર વિશ્વનું પ્રાચીનતમ ધાર્મિક અને આધ્યાત્મિક સાહિત્ય છે.

**૯. સંસ્કારના સ્ત્રોત તરીકે વેદો**

વેદોના સનાતન શબ્દો છે.

(૧) ભાઇ તું માણસ થા.
(૨) મનુષ્ય સર્વ પ્રકારે મનુષ્યનું રક્ષણ કરે.
(૩) જીવ પ્રાણીમાત્રાને મિત્રાની દૃષ્ટિથી જોઉં.
(૪) બધા જ કલ્યાણ પામો.
(૫) વિશ્વ એક માળો બની રહો.
(૬) અમે એક બીજાનો દ્વેષ ન કરીએ.
(૭) કોઇની હિંસા ન કરીએ.

વેદોમાં જીવનધ્યેયની વાત આવે છે. જે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ ચાર પુરુષાર્થ વ્યકિતએ પ્રાપ્ત કરવાના હોય છે.

ધર્મ - નીતિ
અર્થ - પૈસો પ્રાપ્ત કરવો.
કામ - પૈસો હોય એટલી જ કામના કરવી. એટલે કે મર્યાદામાં રહી મહત્વકાંક્ષાઓ કરવી.
મોક્ષ - ત્રાણ પુરુષાર્થ કરતાં કરતાં મોક્ષ સિધ્ધ કરવો.

## ૧૦. ઉપનિષદ

સામાન્ય રીતે બાળકને આઠવર્ષે યજ્ઞોપવીત સંસ્કાર આપવામાં આવે છે. બાળકને વેદોકતવિધિથી જનોઇ ધારણ કરાવીને ગુરુકુળમાં ભણવા મોકલવામાં આવે છે. પચ્ચીસ વર્ષની ઉંમર સુધી તે ગુરુકુળમાં વિદ્યાભ્યાસ કરે છે. ગુરુકુળોમાં જીવનનિર્વાહ માટેની બધી જ વિદ્યાઓ ભણાવતી સાથે સાથે “જીવન ઉધ્ધાર” ની વિદ્યા પણ અનિવાર્ય વિષયરૂપે ભણાવતી. મુંડક ઉપનિષદ તેમજ ઇશાવાસ્ય ઉપનિષદ માં બે વિદ્યાઓને અપરા અને પરા વિદ્યા કહે છે.
અપરા વિદ્યા _ વિશ્વના જ્ઞાનનો ખજાનો.
પરાવિદ્યા _ પરર્બ્રમનો સાક્ષાત્કાર થાય તે.

વિદ્યાર્થી જયારે ગુરુકુળમાંથી વિદાય લેતો ત્યારે આચાર્ય ઉપદેશ આપતા કે - (તૈતિરીય ઉપનિષદ્ અ-૧૧)
“તું સાચું બોલજે, ધર્મમાં રહેજે, ને માતાને દેવતુલ્ય માન જે ગુરુને દેવતુલ્ય માનજે.” આ વેદ અને ઉપનિષદોનો સાર છે.

સમ, ઉપનિષદના પ્રત્યેક વાકયમાંથી ગહન, મૌલિક અને ઉમદા વિચારો ઉદ્ભવે છે. સમગ્ર વિશ્વમાં ઉપનિષદ જેટલું ઉપકારક અને શ્રેયસ્કર અધ્યયન અન્ય કોઇ ગ્રંથનું નથી. માટે જ પ્રસિધ્ધ વિજ્ઞાની “શોપનવોહર” કહે છે કે, “ઉપનિષદો મારા જીવનમાં આશ્વાસન બન્યા છે અને મારા મૃત્યુનો પણ વિસામો બનશે..” ગુણવંત શાહે ઉપનિષદ માટે પણ તારણ કાઢયું કે,

“ઉપનિષદોનાં વાચન મનન પછી કોઇ માણસ હતો તેવો ને તેવો રહે એ શકય નથી.”

ઉપનિષદોના અભ્યાસથી ખગોળવિદ્યા, નક્ષત્રાવિદ્યા, વ્યુત્પત્તિશાસ્ત્રા, પારિવારિક જીવન, વગેરેનું જ્ઞાન ઉપનિષદમાંથી મળે છે. “જીવનઘડતર” માટે આ વૈદિક સનાતન શાસ્ત્રો આજે પણ એટલાં જ ઉપયોગી છે. શાસ્ત્રા પ્રમાણે જીવન જીવાય તો જીવન સુખી બને છે.

### *૧૦.૧ આત્મજ્ઞાન*

ભારતની યાજ્ઞવલ્કયની પત્ની મૈત્રેયીએ દૃવ્યની આસકિત છોડી આત્મજ્ઞાન માટે પતિ સાથે વનમાં પ્રયાણ કર્યુ. સતી સાવિત્રીમાં પતિવ્રતાનું કેવું સત્ હશે કે મૃત પતિને યમરાજના હાથમાંથી પાછો લઇ આવી.

### *૧૦.૨ શ્રીમદ્ ભગવદ્ગીતા દ્વારા આત્મા-પરમાત્માનું જ્ઞાન*

શ્રીમદ્ ભગવદ્ગીતાએ ભારતના લોકોનાં હૃદયમાં સ્થાન પ્રાપ્ત કર્યુ છે. ૭૦૦ શ્લોકોમાં આત્મા અને પરમાત્માની તેમજ નિત્ય વ્યવહારમાં આધ્યાત્મિકતાની ઉંડી સમજ આપી છે જે વ્યકિતના વિકાસ માટે અગત્યની પૂરવાર થાય છે. અને કહેવાય છે કે,

"કર્મ કરવાનો જ તને અધિકાર છે કદી પણ તેનાં ફળો પર અધિકાર નથી. માટે કર્મફળ મેળવવાનું ઇચ્છા ના કરો અને અકર્મમાં તારી આસકિત ન થાઓ."

પ્રભુની પ્રેરણા સમજીને નિમિત્ત બનીને પ્રભુને સમર્પિત થઇ ને ફળની કામના રાખ્યા વગર સ્થિતપ્રજ્ઞતા સાથે આપણું નિયતકર્મ લોકમંગળ અને નિઃસંગતાથી યજ્ઞના રૂપમાં કરવું એ મનુષ્ય માટે અભીસ્ટ છે. દેહને નશ્વર તેમજ આત્માને અજન્મા માની તેને વિષે અક્ષરર્બ્રમપણાની ભાવના રાખી એટલે કે બ્રૅમરૂપ થઇને પરમેશ્વરની ભકિત કરવી તે શ્રેષ્ઠ છે. આ વાત લોકોને ભગવદ્ગીતાએ આપી છે. માનવીની "જીવનદષ્ટિ" ઘડવામાં મહત્વનો ફાળો આપ્યો છે. "થોરો" નામના વિદ્વાન ભગવદ્ગીતા માટે કહે છે કે ગીતામાં આપેલું જ્ઞાન મનને નિર્મળ બનાવે છે. "ગાંધીજી" કહે છે કે - જયારે શંકાઓ મારા મનને ઘેરી વળે છે જયારે નિરાશાઓ મારી સામે ધૂરકે છે. જયારે ક્ષિતિજમાં આશાનું એક પણ કિરણ દેખાતું નથી ત્યારે હું ભગવદ્ગીતા તરફ વળુ છું ને તેમાંથી મને આશ્વાસન આપનાર એકાદ શ્લોક મળી રહે છે ને કચડી નાખે તેવાં દુઃખો વચ્ચે હું મલકાવા લાગું છું. મારું જીવન અનેક બાહ્ય કરુણ પ્રસંગોથી ભરેલું છે અને જો તે પ્રસંગો મારા પર કશી દેખીતી અસર ન મૂકી ગયા હોય તો તે ગીતાના "ઉપદેશને" આભારી છે.

## ૧૧. મહાભારતમાં શૌર્ય અને પરાક્રમ

મહાભારતમાં વર્ણવાયેલું "અર્જુનનું આખ્યાન" શૌર્ય અને પરાક્રમથી ભરપૂર છે. દ્રૌપદી સ્વયંવર વખતે બે પલ્લામાં પગ રાખીને મત્સ્યવેધ કરનાર અર્જુન માત્ર એક કુશળ યુધ્ધવીર જ ન હતો. સાથે સાથે એક આદર્શ ભકત પણ હતો. આમ આદર્શ ભકત બનવાનું પણ મહાભારત શીખવે છે.

## ૧૨. ગુરુનિષ્ઠાં

મહાભારતમાં એકલવ્ની ગુરુનિષ્ઠા જોવા મળે છે. ગુરુદ્રોણાચાર્ય પાસે શાસ્ત્રવિદ્યાની તાલીમ લેવા આવેલો આદિવાસી યુવાન એકલવ્ય ગુરુનિષ્ઠાની ઉત્તમ પ્રેરણા પૂરી પાડે છે. ગુરુએ તેનો અસ્વીકાર કર્યો છતાં તેણે શ્રધ્ધા ન ગુમાવી, ગુરૂદ્રોણની માટીની મૂર્તિ પધરાવીને તેમાં પોતાનો આત્મા જોડી દીધો. ધનુવિદ્યા આત્મસાત્ કરી લીધી. ગુરુદ્રોણે કૌશલ્ય જોઇને તેની પાસેથી તેનો અગુંઠો કાપીને  માંગી લીધો. એકલવ્ની ગુરુભકિતની આ પરાકાષ્ઠા હતી.

## ૧૩. રામાયણ

રામાયણમાં શ્રવણ ભકિત લાકોને શીખવા મળે છે. શ્રવણની માતૃ-પિતૃ ભકિત માનવીને એક આદર્શ પુત્ર કેવો હોય છે એનું ઉદાહરણ પુરુ પાડે છે. માતા-પિતાને દેવતુલ્ય માની તેમને કાવડે બેસાડી યાત્રા કરાવનાર શ્રવણના પાત્રને લોકો બિરદાવે છે. પતિવ્રતા નારીનું ઉ.દા. સીતા દ્વારા લોકોને મળ્યું છે. સીતાજીએ એક આદર્શ પત્ની તરીકે પોતાના પતિ રામનાં સુખ-દુઃખમાં ભાગ લીધો. પતિના સુખના માટે સ્વૈચ્છાએ પોતાની સુખનો ત્યાગ કર્યો. ૧૪ વર્ષ સુધી મહેલ ત્યજીને પતિ સાથે વનમાં કષ્ટો વેઠયાં એ દ્વારા પતિવ્રતા નારી કેવી હોય છે એનું ઉ.દા. આપ્યું છે.

પશ્ચિમમાં ભૂમિતિ માટે વપરાતો જયોમેટ્રી શબ્દ મૂળ સંસ્કૃત જયામિતિ પરથી આવેલો શબ્દ છે.અથર્વવેદમાં આયુર્વેદની વાત આવે છે. આયુર્વેદ એટલે જીવનનું વિજ્ઞાન. પ્રાકૃતિક ઔષધી દ્વારા જીવનના સ્વાસ્થ્યને રક્ષણ કરવાનું કાર્ય આયુર્વેદનું છે. એ પણ સંસ્કૃત સાહિત્યમાં જોવા મળે છે. ચાણકયનું અર્થશાસ્ત્ર પોસ્ટમોર્ટમની પ્રક્રિયા પણ વર્ણવે છે.

ટૂંકમાં સંસ્કૃત સાહિત્યનો અભ્યાસ કરી આ લોકમાં રામાયણ, મહાભારત, નાટકો, કાવ્યો, મહાકાવ્યોમાંથી બોધ પ્રાપ્ત કરી પોતાના આદર્શ જીવનનું ઘડતર કરી વૈદિક સાહિત્યમાં દર્શાવેલ સદાચારરૂપી માર્ગે પ્રસ્થાન કરી અંતે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચારે પુરુષાર્થ પ્રાપ્ત કરી આ લોક અને પરલોક બંનેનું કલ્યાણ કરે છે. એ જ મહત્વનું છે.

**સંદર્ભગ્રંથો**


૧. શાસ્ત્રી., સી.એલ. સંસ્કૃત વાડ્મયનો ઇતિહાસ. ભારત પ્રકાશન, અમદાવાદ.
૨. નાન્દી., તપસ્વી સંસ્કૃત નાટકોનો પરિચય.
૩. શર્મા, પ્રભા સંસ્કૃત શિક્ષણ મહાવિદ્યાલય જયપુર. (આસ્થા પ્રકાશન)
૪. શ્રીમદ્ભગવદ્ગીતા
૫. સંસ્કૃતિના આધારસ્તંભો સ્વામિનારાયણ અક્ષરપીઠ.
૬. વેદમૂર્તિ તપોનિષ્ઠ પ.રામશર્મા આચાર્ય-ઉપનિષદ
૭. ભાગવત પુરાણ- સસ્તુ સાહિત્ય અમદાવાદ.
૮. વિષ્ણુશર્મા. પંચતંત્ર
૯. શાસ્ત્રી, ગિરજાશંકર મયાશંકર. મનુસ્મૃતિ- સસ્તુ સાહિત્યવર્ધક કાર્યાલય.